**Alembic**
Touching Lives over 100 years

# એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
CIN: L24230GJ2010PLC061123
વેબસાઈટ : www.alembicpharmaceuticals.com
ઈ–મેલ : apl.investors@alembic.co.in
ફોનઃ ૦૨૬૫-૨૨૮૦૫૫૦ ફેક્સઃ ૨૨૮૨૫૦૬

## સભ્યોને પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગની સુવિધા આપવા બાબતની નોટીસ

સભ્યોને આ સાથે જણાવવામાં આવે છે કે, કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૧૦ અને એની સાથે વાંચતા કંપની (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમ ૨૦૧૪ના નિયમ ૨૦ અને ૨૨ અન્વયે, શ્રી ઉદિત અમીન, જે ધારા ૨(૭૬) હેઠળ રિલેટેડ પાર્ટી છે, તેમની કંપીનીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની એલેમ્બિક ગ્લોબલ હોલ્ડિંગ, એસ.એ. માં નિમણુંક કરવા બાબતનો ઠરાવ, પોસ્ટલ બેલેટ નોટિસ અને પોસ્ટલ બેલેટ ફોર્મ સાથે કંપનીએ ૮મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ સભ્યોને, એમની પોસ્ટલ બેલેટ નોટિસમાં જણાવેલ ઠરાવની મંજૂરી મેળવવાના હેતુસર, રવાનગી સંપૂર્ણ કરેલ છે (એ) જે સભ્યોના ઈ-મેલ આઈડી ૨૭મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટના રેકોર્ડમાં નોંધાયેલ હોય, તેમને ઈ-મેલ દ્વારા અને (બ) અન્ય સભ્યોને (જેમના ઈ-મેલ આઈડી નોંધાયેલ નથી તેમને) અગાઉથી ચૂકવેલ સ્વ સરનામું લખેલ વ્યવસાયિક જવાબી કવર સાથે લેખિત ટપાલ દ્વારા.

કંપની તરફથી પોતાના તમામ સભ્યોને ઈ-વોટિંગની સુવિધા આપવાના હેતુથી સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડને રોકવામાં આવેલ છે. સભ્યોને એ વાતની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે કે, વોટિંગ બંને રીતે, પોસ્ટલ બેલેટ દ્વારા અને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા, સોમવાર તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ (સવારે ૯.૦૦ કલાકે) શરૂ થશે અને મંગળવાર, ૧૪મી માર્ચ, ૨૦૧૭ (સાંજે ૫.૦૦ કલાકે) પૂર્ણ થશે.

સભ્યોના મતદાનના અધિકારની નોંધણી કરવા માટે કંપનીએ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૭ને રેકોર્ડ ડેટ (નોંધણી તારીખ) નક્કી કરેલી છે. જે વ્યક્તિ આ નોંધણી તારીખે સભ્ય ન હોય તેણે આ નોટીસ ફક્ત તેમની માહિતી માટે છે તેમ સમજવું.

બોર્ડ ઓફ ડીરેક્ટરે મે. સામદાની શાહ એન્ડ એસોસીએટ્સ, પ્રેક્ટીશીંગ કંપની સેક્રેટરીઝ, વડોદરાની પોસ્ટલ બેલેટ અને ઈ-વોટિંગની પ્રક્રિયા, યોગ્ય અને પારદર્શક રીતે કરવા માટે ચકાસણીકાર તરીકે નિમણૂંક કરી છે. સભ્યોને એ વાતની નોંધ લેવા માટે વિનંતી કરવામાં આવે છે કે પૂરા ભરેલા અને યોગ્ય રીતે સહી કરેલા પોસ્ટલ બેલેટ ફોર્મ્સ આ ચકાસણીકારને કામકાજના કલાકો પૂરા થાય તે પહેલાં, મંગળવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૧૭ (સાંજે ૫.૦૦ કલાક) સુધીમાં પહોંચી જાય તે રીતે મોકલવાના રહેશે. સભ્યો પાસેથી નિયત તારીખ અને સમય પછી ટપાલ દ્વારા કે ઈ-વોટિંગ દ્વારા નિયત તારીખ અને સમય બાદ પ્રાપ્ત થયેલા પોસ્ટલ બેલેટને માન્ય ગણવામાં આવશે નહીં.

જે સભ્યને પોસ્ટલ બેલેટ ફોર્મ ન મળ્યું હોય તે લેખિતમાં/ઈ-મેલ દ્વારા કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને વિનંતી કરીને બીજું (ડુપ્લીકેટ) પોસ્ટલ બેલેટ ફોર્મ મેળવી શકે છે. આ પોસ્ટલ બેલેટ નોટીસ અને પોસ્ટલ બેલેટ ફોર્મને અમારી વેબસાઈટ (www.alembicpharmaceuticals.com) અને સીડીએસએલની વેબસાઈટ (www.evotingindia.com) ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાય છે.

**પોસ્ટ બેલેટ સાથે સંબંધિત પ્રશ્નો/ફરિયાદો માટે સંપર્ક :**
મેસર્સ લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી.
યુનીટ : એલેમ્બિક ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ
બી-૧૦૨ અને ૧૦૩, શાંગ્રીલા કોમ્પલેક્ષ, પહેલો માળ
રાધાક્રિષ્ના ચાર રસ્તા નજીક, અકોટા,
વડોદરા - ૩૯૦ ૦૨૦.
ઈ-મેલ આઈડી : vadodara@linkintime.co.in
ફોન નં. : 0265 2356573, 2356794

**ઈ-વોટિંગ સંબંધિત પ્રશ્નો/ફરિયાદો માટે સંપર્ક :**
શ્રી મેહબૂબ લખાની, આસીસ્ટન્ટ મેનેજર
સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ લિમિટેડ
ફિરોઝ જીજીભોય ટાવર્સ, ૧૬મો માળ,
દલાલ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ઈ-મેલ આઈડી : helpdesk.evoting@cdslindia.com
ફોન નં. : ૧૮૦૦૨૦૦૫૫૩૩

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.alembicpharmaceuticals.com ઈન્વેસ્ટર સેક્શન ખાતે અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.nseindia.com અને www.bseindia.com કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શન ખાતે પણ ઉપલબ્ધ છે.

પોસ્ટલ બેલેટનું પરિણામ ગુરુવાર, તા.૧૬ મી માર્ચ, ૨૦૧૭ (સાંજે ૫.૦૦ કલાક) ના રોજ અથવા તે પહેલા કંપનીના રજીસ્ટર્ડ કાર્યાલય પર જાહેર કરવામાં આવશે અને કંપનીની વેબસાઈટ www.alembicpharmaceuticals.com પર પણ મૂકવામાં આવશે.

**એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ વતી,**

**સ્થળઃ મુંબઈ** — **અજય કુમાર દેસાઈ**
તારીખઃ ૮ ફેબ્રુઆરી, ૨૦૧૭ — વાઈસ પ્રેસિડેન્ટ - ફાઈનાન્સ અને કંપની સેક્રેટરી